શંકરની આરતી તથા સ્તુતી.



છપાવી પ્રસીદ્ધ કરનાર.

પંડીત. નારાયણ મુલજી બુકસેલર,-મુંબઈ.

નોછાવર-૦-૦-૬.

Printed by G. D. Dalvi at the Maratha Mitra Printing Press, No. 318 to 322 Kalbadevi Road & Published by Pandit Narayana Mulaji bookseller, Bombay.

શ્રીગણેશાયનમ:

અથ શ્રી ગણપતીની આરતી.

જય મંગલ મૂર્તિ, પ્રભુ જય મંગલ મુર્તી, દર્શન માત્રે માત. સમરણ માત્રે માત. કામાના મૂર્તી; જયદેવ, જયદેપ. સુખકરતા દુઃખ હરતા, હરતા વિઘ્નાચી–પ્રભૂ હર (૨) ઉરવે પૂવ પ્રેમ. (૨) કૃપા દેવાચી જયદેવ (૨) સર્વાંગે શીન્દુર, ઓટી શીન્દુરાચી–પ્રભૂ ઓટી (૨) કંઠે સોભે હાર, કંઠે ઝળકે માળ, મકુતા ફળાચી; જયદેવ (૨) ગજાનંદની આરતી, જે કોઇ ગાશે–પ્રભુ જે (૨) ભણે–શીવાનંદ સ્વામી, સુખસંપત થાશે. કૈલાસે જાસે જયદેવ (૨)

અથ નંદકેશ્વરની આરતી.

જય જાદવરાયા પ્રભૂ શ્રી માધવરાયા, આરતી કીજે કરૂણાનંદની (૨) વ્યાપે શિવમાયા; હર હર મહાદેવ નંદી વાહન ખગ વાહન, શિવ ચક્ર ત્રિશૂળધારી; શિવચક્ર (૨) ત્રિપુરારી મોરારી, ત્રિપુરારિ મોરારી, કર કમલધારી. હર હર. વાઘામ્બર પિતાંબર, શિવ સ્વામી પેર્યા; પ્રભૂ શિવ ૨ (૨) કમલ નયન કેશવને, કમલ નયન કેશવને, શિવજીને ત્રિનયના હર હર. ચંદન ચઢે ત્રિકમને, શિવજીને ભસ્માંગે, (૨) રામે રૂદ્રીએ રાખ્યાં, રામે રૂદ્રીએ રાખ્યાં, ઉમીયા અરધાંગે. હરહર. કેવડો વહાલો કેશવને, શિવજીને ધંતૂરો, પ્રભુ શિવજીને (૨)ત્રિકમને વહાલા તુલશી, (૨) શિવજીને બીલી વહાલા. હર હર.

અથ બજરંગની આરતી.

જય બજરંગ બાળા, શ્રી બજરંગ બાળા અંજની કેરાંપૂત, વાયુ કેરા સૂત, અંગે રંગ રાતા; જય બજરંગ બાળા તેલ ચડે શીન્દુર પુલડા નીમાલા પ્રભુ પુલડા (૨) અડદ ચઢે આનંદે (૨) હરિજન ગુણ ગાનાઃજય બજરંગ બાળા. તું શેવક શ્રી રામનો, લંકા પૂર ચાલ્યો; પ્રભૂ લંકા (૨) સમુદ્દર બાંધી પાળ, રામે બાંધી પાળ, સીતા શોધ લાવ્યો. જય બજરંગ. બજરંગ બળીની આરતી, જે કોઈ ગાશે, પ્રભુ જે (૨) ભણે શીવાનંદ સ્વામી, સુખ સંપત થાશે કૈલાસે જાશે.

અથ હરી હરાની આરતી.

જય હરિ હરા, પ્રભૂ શ્રી હરિ હરા, ગંગાધર ગીરજાધર (૨) ઇશ્વર ઓંકારા. હર હર મહાદેવ. લક્ષ્મીવર ઉમયાવર, શંકર શામ ળિયા–પ્રભૂ (૨) હરિ હર નટવર સ્વામી, (૨) એકાંતે મળિયા. હરહર મહાદેવ. જયજાદવરાયા. પ્રભૂ શ્રી માધવરાયા; આરતી કીજે કરૂણાનંદની (૨) વ્યાપે શિવમાયા. હરહર મહાદેવ વાઘાંબર પીતાંબર શિવ સ્વામી પેહેર્યાં–પ્રભુ (૨) કમળ નયન કેશવને (૨) શિવજીને ત્રિનયનાં. હરહર મા. ચંદન ચડે ત્રિકમને; શિવજીને ભસ્માંગે-પ્રભુ (૨) રામે રૂદ્વીયે રાખ્યાં (૨) ઉમીયાં અરધાંગે. હરહર મહાદેવ. કેવડો વહાલો કેશવને; શિવજીને ધંતુરો; પ્રભુ (૨) ત્રિકમને વહાલા તુળશી; (૨) શિવજીને બીલી વહાલા. હરહર મહાદેવ કૌસ્તુભમણી કેશવને; શિવજીને રૂંઢમાળા; પ્રભુ (૨) મુકતાફળ મોહનને (૨)શિવજીને સર્પકાળા. હરહર;મહાદેવ. મોરમુગટ મોહન-

ને; શિવજીને જટાયુ; પ્રભુ (૨) હરીશંભુ સૂખવાસી (૨) શિવજીને ચડે ડમરૂ. હરહર. રામને રૂડાં રાજ; શિવ બાંધે ઝોળી (૨) રામને વાનર રીંછ (૨) શિવજીને ભુત ટોળી. હરહર માહાદેવ. બે ભૂજ ચાર ભૂજ અષ્ટ ભૂજ; દસ ભૂજને સોહીએ; પ્રભુ (૨) શિવજીના રૂપને ભજતા (૨) ત્રિભુવન મને મોહીએ; હરહર મહાદેવ. નંદી વાહન ખગવાહન; શિવચક્ર ત્રિશૂલધારી; શિવ. (૨) ત્રિપુરારી મોરારી (૨) કર કમળા ધારી હરહર મહાદેવ. વૈકુંઠે વસે વિશ્વંભર, શિવજી કૈલાસે, પ્રભુ (૨) હરિકાળા શિવગોરા, (૨) તે તેને ધ્યાને. હરહર મહાદેવ. એ બે એક સ્વરૂપ, અંતર નવ ધરશો, પ્રભુ (૨) ભોળાભુધરને ભજતાં ભોળા (૨) ભવ સાગર તરશો. હરહર માહાદેવ, મોહનને મહાદેવ, જો સુંદર ગાશો, પ્રભુ (૨) હરિહરના ગુણ ગાતાં, (૨) હરિચરણે જાશો. હરહરમાહદેવ.

અથ શિવ તાંડવ આરતી પ્રારંભ.

જય ગંગાધર, જય ગીરીજાધીશં, શિવ (૨) ત્વંમાં પાલય નિત્યં, (૨) કૃપયાજગદીશં. હરહર મહાદેવ. કૈલાસે ગિરિ શિખરે, કલ્પ દ્રુમ વિપિનો, શિવ (૨) ગુંજતી મધુકર પુંજે (૨) કુંજવને શિવ કુંજ વને ગહને, કોકિલ કુંજીત ખેલિત, હંસાવન લલિત શિવ (૨) રચયતિ કમલા કલાપિ, નુત્યતિ મુદ સહિતા. હરહરં માહદેવ તસ્મિન સુ લલિત દેશે, શાલામણિ રચિતાં, શિવ (૨) તન્મધ્યે હર નિકટે (૨) ગૌરી મુદ સહિતા. હરહર માહાદેવ. કીડારચયતિ ભુપં, રંજીત મતિ મોશં, શિવ ઇંદ્રાદિક સુર સેવિત, (૨) પ્રણુમપિ જગદીશં હર હર મહાદેવ. વિબૂધ વધ બેહુ નુત્યતિ,

હૃદયે મુદ સહિતા, શિવ (૨) કિન્નર ગાન કુરૂતે (૨) સપ્ત સ્વર સંહિતા. હર હર માહાદેવ. ધિનનં ધિનનં કથકાંત, મૃદંગ વાદયતે, શિવ (૨) કુનુ કુનુ ભલિતં વેણુ (૨) મધુર નાદયંતે. હર હર માહાદેવ રૂણું રૂણું ચરણે વાદતી, ત્રિપુરે સજ્જવા લિતા શિવ (૨) ચક્રાર્વતે ભ્રમયંતિ (૨) કુરૂતે તાંધિક્તા. હર હર માહાદેવ. તાં તાં લુપ ચુપ વામાં તાલં વાદયતે, શિવ (૨) અંગુષ્ઠા ગુલિનાદ (૨) લાસ્ય ગતં દુરૂતે. હર હર માહાદેવ. શંખનિ નાદનિ કૃત્યાં ઝલ્લરી નાદયતે, શિવ (૨) આરતિ રચયતિ બ્રહ્મા (૨) વેદ ધ્વનિ પઢિતે. હર હર માહાદેવ. કર્પૂર જવ લયતિ ગોરં, પંચાનન સંહિતા, શિવ (૨) ત્રિનયન શશિર્ધર મૂળે (૨) વિષ ધર કંઠ યુતા. હર હર માહાદેવ. સુંદર જટા કલાપં, પાવક યુત ભાલં શિવ (૨) ડમરૂ ત્રિશુલ પિનાકં (૨) તિલકતકિધું કપાલં હર હર માહાદેવ, અમૃત ચરણુ સરોજ, તત્દ દિકમળે ધુન્યા, શિવ (૨) અવ લોકોનિ મહેશં ઈશં અભિનુત્યં રૂંઢ રચીત ઉર માલા, પન્નાગ સુપવીતં, શિવ (૨) વામ વિભાગે રૂપં (૨) અતિ લલિતં હર હર મહાદેવ, સકલ શરીરે મનસિ કૃત ભસ્મા ભરણું, શિવ (૨) ઇતિ બુધબ્ધ્વજ સ્વરૂપં (૨) તાપ ત્રય હરણું, હર હર માહદેવ, ધ્યાનં આરતિ સમયે હૃદયે યદિ કૃત્યા, શિવ (૨) માત્રજ પિવાધં (૨ ઇશં બહુ કૃત્યા, હર હર માહદેવ. સંગીતે દિન પઠિતિન, પઠતાયં કુરૂતે, શિવ સાયુજ્યં ગચ્છતિ (૨) પઠતાંયં શ્રણુ તે. હર હર માહાદેવ.

અથ શ્રી ઉમીઆજીની આરતી.

જય ઊદીયા શકતી, મા જય ઉદીયા શકતી, અખંડ બ્રહ્માંડ ઉપા

થા, (૨) પડવે પંડીતમા; જયોજયો મા જગતંબે. દ્વિતીયા બે સ્વરૂપ, શિવશકતી જાણું મા (૨) બ્રહમા ગુણપતિ ગાઉં, (૨) હરગાઉં હરમાં; જયો જયો. ત્રીજ ત્રિતયા રૂપ, ત્રિભૂવનમાં બેઠા, મા (૨) કાયા સખી તરવેણી (૨) તું તરવેણીમા; જયોજયો ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચરવાપ્યાં મા (૨) ચાર ભૂજા ચો-દીશા (૨) પ્રગટયાં દક્ષિણમાં; જયોજયો. પંચમી પંચ રૂષી, પંચમી ગુણ પદમા. માં. (૨) પંચતત્વ ત્યાં શોહિએ. (૨) માછો તત્વોમા; જયો જયો. ષષ્ઠી તું નારાયણી, નરકાસુર માર્યો. મા. (૨) નર નારીને રૂપે, (૨) વ્યાપ્યા સરવે મા. જયો જયો. સપ્તમી સપ્ત પાતાળ, સાવંત્રી સેન્યા મા. (૨) ગો ગંગા ગાયત્રી, (૨) ગોરી ગીતા મા; જયોજયો. અષ્ઠમી અષ્ટ ભુજા, આઈ આનંદા મા (૨) સુરનર મુનિવર જન્મ્યા, (૨) તું મોટી અંબા. જયો જયો. નવમી નવકુળ નાગ, સેવે નવ દુર્ગા મા. (૨) નવરાત્રીના પુજન, શિવરાત્રિના અર્ચન કીધા શિવ બ્રહ્મા. જયો જયો. દશમી દશ અવતાર, જય વિજયાદશમી. મા (૨) રામે રામ રમાડયાં, (૨) રાવણ રોળયોમા ! જયો જયો. એકાદશી અગીઆરસ, કાત્યાયની કામા. મા. (૨) કાળશમા કાળીકા, કામાને શ્યામા; જયો જયો. બારસ બાળા રૂપ, બહુચરી અંબા મા. (૨) બટુક ભૈરવ સોહીયે (૨) તારા છે તુજ મા; જયો જયો. તેરસ તુળજા રૂપ, તું તારૂણી માતા.મા. (૨)બ્રહ્માવિષ્ણું સદાશીવ (૨) ગુણ તારા ગાતા. જયોજયો. ચઉદશ ચઉદશ રૂપ, ચડી ચામુંડા. મા. (૨) ભાવ ભકિત કાંઈ આપો સીંહ વાહની માતા જયો જયો. પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરૂણા. મા. (૨) વશીષ્ટ દેવે વખાણ્યા માર્કંડે દેવે વખાણ્યા ગાવે શું લલીતા જયા જયા. શંવત શોળ સતાવન, આઈ શોળસે બાવીસશુ. મા.

(૨) શંવત શોળે પ્રગટયાં, (૨) રેવાને તીરે. જયોજયો. ત્રંબાવટી નગરી આઇ રૂપાવતી નગરી આઇમ છાવટી નગરી, શોળ શહસ્ત્ર ત્યાં સોહી એ, (૨) ક્ષમા કરો ગવરી, દયા કરો ગવરી જયોજયો. શીવ શકતિની આરતી, જે કોઇ ગાશે. મા (૨) ભણે શીવાનંદ સ્વામી, (૨) સુખ સંપત થાશે. જયો જયો.

અથ શ્રી સનારતની આરતિ.

દેખો સનારતન આરતિ લાવતા, સનત્કુમાર હાથ જોડતાતા; ભાઈ બ્રહ્મા ઉઠકર આરતી ઉતારતા, થનન થૈ નાચતા, દેખો. નન્દિ આગળ જપતપ કરતા, ભ્રંગી છડીદાર ઉભાતા; ભાઈ. ગણપતિ સૂંઢ ઉઠાકર નાચતા, દેવતા દેખી સબ દિંગ હોતા. દેખો. ઘંટ નાદ વિરભદ્ર બજાવતા, કાલ ભૈરવ કોટવાળ હોતા; ભાઇ. અગ્નિ દેવતા ગુણ કુત કરતા, વાયું પંખા ઢાળતાતા. દેખો. સૂર્યદેવ તમારી સ્તુતિ કરતા. વરૂણ વાણિ બહુ બોલતાતા; ભાઈ ઇંદ્ર લટાપટ તાડવ કરતા, ઇંદ્ર ઇંદ્રાણી થેઇ કાર લેતા. દેખો. વિષ્ણું મૃદંગ લેકર દોડતા, વાકદેવી વેણુ બજાવતા; ભાઈ રામ ભગવતી દેખો તાલપૂરતા, તાથૈ તાલ મચાવતા. કમળ ફુલકા બંગલા બનાયા, કૈલાશ પતિ જ્યાં બેસતાતા; ભાઈ. અનેક પુષ્પકી વૃષ્ટિ હોતી, શિવકા પૂજન વિષ્ણું કરતા. દેખો. શોળશે ગોપીઓ લેકર કનઇયા, શિવ મન્દીર આગે દોડતા; ભાઈ. ચારવેદ બંસીમેં બજાવતા થેઈ થેઈ કનઇઆ નાચતાતા., દેખો. પ્રદોષ કેરો મહિમા સુનકર, ચરણ કમલ ચિત્ત હોતાતા; ભાઈ. સદાનંદ તનમન ધન અર્પણ, જન્મ મરણ શિવ કટલેતા; દેખો.

અથ શિવજીની લાવણી ૧.

એસારે ધ્યાન શિવ હરિ હરકા, હર કર આશન વાઘમ્બરકા અગડ બંબ, અગડ બંબ, ડિમાક, ડિમ બજે ડમરૂ શિવ શંકરકા ટેક અંગ વિભુત લગાવે સદાશિવ, હાથલીયા નિશદીન ગોળા, કૈલાસ છોડકર લોટે મશાણમેં. એ શાહે શંકર ભોળા. એ શારે; ખોપરીમે ભોજન કરતા, ગીરજા હે સો અર્ધંગા. સુરનર મુનીવર ધ્યાન ધરે, કોઈ દેવતા હે અદભુતા. એશારે. ત્રિશૂલથી ત્રિપૂરાશૂર માર્યા, તીન લોકમે અધિકારી, નાગણ કેરા કુંડલ બીરાજે, ચઢે બેલ પર અસ્વારી. એશારે—કુંડી કુટકા લેકર ગૌરી ઘુંટ પીલાવે. નિશદીન ભં-ગા, ગલે રૂંઢકી માલ બિરાજે, જટા જુટ શિહ વહે ગંગા, એશારે—બીખસેં કંઠ હુવા જબ લીલા, રામ નામ મુખશે, બોલ્યા, ઠંડા શીતલ લહેર હુવા, જબ પ્રેમ મગનમે- શિવ ડોલ્યા, એશારે—જો કોઈ માગે ઇસકુ દેવે, એશાહે શંકર ભોલા, આ ધંતુરો આપ આરોગે, દુધ કુરકોઇકુ દેતા. એશારે—શૈલી શૃં . શિવજીકું સોહીએ, ઝોલી બટુવા બહુ ભંગા, કર કુંડી શિર છત્ર બિરાજે, ગોદડી હેં નવરંગા. એશારે—એક રાણી તેરી ગૌરી પાર્વતી, દુસરી રાણી શિવ અર્ધાંગા. તીસરી રાણી તેરીઅસસ બીલાડે જટા જુટ શિર વહે ગંગા એશારે— એક રાણી તેરી ચંદન ઘસંતી, દુજી જલ ભર લાવેંગો, તીજી રાણી તેરી ધૂપ દીપને, ચોથી જ્યોત જગાવેગા. ઓશારે—પાતાળ લોકમેં ચરણ પુજાયા, મૃત્યુ લોકમેં લીંગ પૂજા. આકાશ લોકમેં શિશ પૂજાયા, તીન લોકમેં, આપ ખડા. તુકારામ ઉસ્તાદ હમારે, સાહેબ હુય સો બહુ રંગા- દેખ દાખલા પોથી પુરાણુમેં, મત કર બાતા અડભંગા—એશારે.

અથ શિવજીની લાવણી ૨.

જય જય હે શિવ પરં પરાક્રમ, ઓંકારેશ્વર તવ શરણું, શિવ નમામિ શંકર, ભવાનિ શંકર નમામી શંકર તવ શરણું. (ટેક) દસ ભૂજ મંડલ પંચવદન શિવ, ત્રિનયન શોભીત શિવસુખદં જટા જુટ શિર મુકુટ બીરાજે, શ્રવણે કુંડલ અતિ રમણું; જય જય. લલાટ ચમકત રજની નાયક, પંચાભૂત ગૌરીશં, ત્રિશૂળ ચમકત વિદ્યુત ગતીસેં, ડીમ ડીમ બાજેધિમધુરં. જય જય જય. ભસ્મિ લેપીત સર્વાંગે હર, નંદી વાહન અતી રમણું, વામાંગે ગીરિજા બીરાજે ઘંટા નાદ ધિમધુરં; જયજય જય ચર્માંમ્બર વાઘામ્બર હર કપાલ માલા ગંગેશં, વાચ વદનપર ગણપતિ શોભા, પૃષ્ઠે ગીરિપતિ જ્યાલેશં; જયજય. સિધ્ધેશ્વર મમરેશ્વર શંકર, કપિલેશ્વવર શિવકોટેશં, કપિલા સંગમ નિર્મળ જળ છે, કોટી તિરથ ભય હરણું. જય જય. નર્મદા કાવેરી સંગમ મથ્યે, શોભિત શ્રીપતિ ગીરી શિખરં, ઈંદ્રાદિક સુરસે-શેવિત નિશદિન, રંભા ન્રત્ય અતિ દિન મધુરં; જય જય. મંગલ મૂર્તિ પ્રલ્યાષ્ટ કમલ અદભૂત શોભા મૃદુભુવનં, શુક શનકાદિક પઠ તે સ્ત્રોત્રં,, મનવાંછીત ફલ ભય હરણું; જયજય. પ્રણુવાષ્ટક પદ માહેશ્વર પ્રભૂ, રચયતિ નિર્મળપદસંગ, પૂર્ણ કૃપા ત્રિગુણાત્મક શદા-શિવ, પતિત પાવન ભય હરણુંમં. જયજય.

અથ હરિહરાનિ લાવણી—૩

મહાદેવ ઓર શ્રી કૃષ્ણજી, એહિ દોનુંકા એકી બદન, ધરકે ધ્યાન તુમ દેખો ગુણીજન, સિવકા શેવક સદામગન; ઉનકા નામહે બંભોળા ભાઈ ઉનકાનામહે નંદલાલા, ઉનકે ગળેમેં રૂંઢ માળા ઓર, ઉનકે

ગળે મોતન માલા; ઓબી ઓઢતે પાટ પીતાંબર, ઓબી ઓઢતે મૃગછાંલા, ઉનકે કમરસેં બીથી ચંદની, ઉધરબી લપટ ભોગરંગ કાલા, ઉનકે મુખપર મોરલી બિરાજે, ઈધરબી ડમરૂ લાગે ખડકન; ધરકે ધ્યાન. ઓબી ખાતે માખણ મિશરી, ઓબો ફાકતે સુખીભંગ, ઉનકિ સંગ હે ગરૂડ અસ્વારી. ઈધરબી નંદિયા ખીચાંતંગ; ઉનકે સંગ હેબાલા ગોવાલન, ઈધરબિ જોબન ભેરવ સંગ, ઉનકે નિકટ બહેતીહે ગંગા, ઈધર માત સરસ્વતિ, સંગ; ઉનકે મુખપર મોરલી બિરાજે, ઈધરબી ડમરૂ લાગે ખડકન, ધરકે ધ્યાન. ઓબી હે ગોર્વરધનધારી, ઓબી હે કૈલાસપતિ, ઉનકે સંગ હે નારદ મુનિ ઓર, ઉનકે સંગ હે ગણકાપતિ; ચૌદ બ્રહમાંડપર ઓહિ નિરંજન ઓ માલ કહે કાનનકા, શંભાલ શક કિત વાલે તેરેપર, આયાતમાચા જ્ઞાનનકા; ઉનકે મુખપર મોરલી બિરાજે, ઇધરબી ડમરૂ લાગે ખડકન ધરક ધ્યાન. હનુમાન અંજનીકા પુત્ર, જેને લગાયાલાલલંગોટ લોક લુગાઈ પૂજન કરતે, બજ રંગકું ચડતાએ લોટ, તુકિનગીર ઉસ્તાદ હમારે, જેને લગાયા જરી લંગોટ, સાહેલી તેરા ફકીર દેખલે, મુંડમુંડા યા ગોટમ ગોટ. ઉનકે મુખપર મોરલી બિરાજે, ઇધરબી ડમરૂ લાગે ખડકન.

અથ શિવજીની સ્તુતિ.

રે રે શિવ મોરારી, કર સુખકારી, કરૂણાળુ વિશ્વનાથ, તારી શેવા ગુણકારી, લેજે સ્વીકારી, વિનંતી અમારી, કહું છું જોડીહાથ આશા તમારી અંતર રાખું, ભકિત કરૂં દીનરાત, કામ નડે નહી સેવા કર્યાથી, ઉરે વિચારૂં વાત, એવા કલ્યાણકારી, લેજો ઉગારી,

કરી આભારી, કહું છું જોડા હાથ: રે રે શિવ. પાપ હમારા પ્રલેહ કરીને, આપો અવિચળ સુખ, બાંહ્ય ગ્રહીને તારજો શંભૂ, પામું કદી નવ દુઃખ, રટુ નામ તમારુ, લાગે સારૂ, સૌને પ્યારૂ. કહું છું જોડી હાથ. રે રે શિવ. શરણે આવ્યો છું, શિવજી તમારે, મૂકી બીજી આશ, ભકિત બતાવો, ભાવ ધરીને, રાખો સદાશિવ પાશ, શિરે જળની ઝારી, રીત છે ન્યાળી, શિવજી તમારી, કહું છું જોડી હાથ. રે રે શિવ.

અથ શિવજીની લાવણી. ૪.

લાગુ-સરસ્વતિને પાય, કરોને નિરમળ વાણી માંય હરગુણ ગાયેથી સૌં જાય, પ્રાશ્ચભારી; મનહર મુંબઈ નગરી ન્યારી ભોળા ભુલેશ્વર છે ભારી બેઠા બહારકોટ ત્રિપુરારી, જાઉ બલીહારી; ટેક ૧. ભોળો ભોઇવાડા સનમુખ, સઉને શુભ દરશનનું સુખ, જેથી જન્મ મરણનું દુઃખ, નાંખ સંહારી; મનહર. ઉતર દરવાજો વિશાળ નોબત ગગડે બીજે માળ, ફરતી દેવળ પુઠે પાળ, સોભે સારી- મનહર. પેસતાં પેલું સમક્ષ પ્રઉઢ પિંપળનું વૃક્ષ. પુઠે દેવ જોયા ચક્ષ ઘણા ધારી ધારી; મનહર. સનમુખ બ્રહમ સભા મંડપ જપતાં વાડવ ઝાઝા તપ, તીવ્ર તપશી કરતાં તપ. વળી બ્રહ્મ ચારી. મનહર, દક્ષે મારૂતી હઠીલા, સંગે રણછોડ રંગીલા, પેયાં કટીપટ પીળાં, મુગટ ધારી; કીધું કેશર તિલક ભાલ, ગલે મુકતા તણી માળ, શ્યામ સુંદર રશાળ, મુરત ન્યારી; મનહર, સખા શંભુ તણી શાથ. બેઠાં ત્રિભુવન નાથ, શંખ ચક્રગદા હાથ, ગ્રહી મોરારી; મનહર. બેઠા નિજ મંદીરની માંય, સતી શીતળા સોહાય, નંદી નૌતમ દીસે ત્યાંય, તેપર વારી, મનહર. ભોળો ભસ્મ તણો ભોગી, બેઠા ગુબારા; માં જોગી, દરશને આવે દરદી રોગી, જાએ દુઃખ ભારી; મનહર

સંગે પાર્વતી પ્રક્ષાત, એતો જગત તણી માત, કરતાં કષ્ટોનો નિ-
પાત જગઓધારી; મનહર. એવાં શિવ શક્તી કેવાય, તેનું ત્રિકાળ
પુજન થાય બ્રાહ્મણુ દેશ દેશનાં ત્યાંય, થાય ભીડભારી; મનહર.
વદતા વાડવ વેદો ચ્યાર, કરત્તાં કરથી જળની ધાર પાત્રે પૂજાનો ઉપ-
ચાર જળની ઝારીઃ મનહર. મહાપુજા નિશાયે કરતા, છડી મસાલે
ચમર ધરતા, આરતી કરી પાટ ભણુતા, મુખ પોકારી,ઃ મનહર. ઘંટા
ઘણુણુ થાય પડે ઘડીઆળી પરથાય, દુનીયા દરશન કરવા જાય;
નરનારી; મનહર. દક્ષે બેઠા દુંડળ દેવ. સંગે રામેશ્વર છે એય, કરત,
સઉજન તેની શેવ, શોભા છારી. મનહર. મંડપ મુકતનો કહેવાય,
ત્યાંતો હરીચંચાઓ થાય, સંતશાળાઓની માંય, બેઠો તંપધારી.
મનહર. વામે તૃટ તણો છે ડાઠ બાંધ્યા પથ્થરથી ઘાટ. પૂરતી પૂરવા-
ની વાટ, જળમાં છારી; મનહર. કાશી વિશ્વસ્વરને નીરખો હનુમાન
હઠીલો પરખો, દેરૂ દીર્ઘ દેખી હરખો, માંહી જટાધારીઃ ચિંતામણી-
યા ચારેગમ, બેઠા કરેખટ કર્મ, પોંચે પુરપરીશ્રમ, એક ભકતાહારી,
મનહર. એતો ભુલેશ્વરનું સ્થાન, સામા પંચ મુખી હનુમાન, સંગે
જગદીશ્વર ભગવાન,ભવભય તારી. મનહર. બેઠા બાલાજી બાહુર,સામા
હાટકેશ્વર ભરપૂર, નાથ નીરખીને તે નુર, ગાયે વિસ્તારી; મનહર.

શિવ પાર્વતીનો સંવાદ.

શંકર વસે રે કૈલાશમાં, ભોળો ભિક્ષાનો ભોગી કા'વે, નિર્ગુણ
જોગી રે,—સદાય રહે રે આનંદમાં. (ટેક) સર્વ દેવનો છે દેવતા રે
ચૌદ લોકનો છે ઇશ રે; પંચ વદન ઝળકી રહ્યાં, શોભે ચંદ્રમા તે
શીશ રે. શંકર. ૧. અરધે અંગે તે વસે ઉમિયા રે, જટામાં જાન્હવી
બિરાજે રે; નામ જપતાં મહાદેવનું, ભોળો ભવના દુઃખભાગે રે,

શંકર. ૨. દીગંબર વનમાં વસે રે, કરે વૃષભ વાહન રે; ડાક ડમરૂ તે સોહામણા, તેના શબ્દ તો પાવન રે. શંકર. ૩. રૂંડમાળા કંઠે ધરી રે, અંગે ભસ્મ લગાવે રે; વરદાન શિવ આપે દૈત્યને, દેવ સાથે લડાવે રે. શંકર. ૩. શંકર કહે ઉમિયા શુણો રે, જાવું ગંગાને તીર રે; ધ્યાન ધરવાને પરિબ્રહ્મનું, મન રાખવી છે ધીર રે. શંકર. ૫. ઉમિયાજી કહે ત્રિપુરારીને રે, વનમાં અપ્સરાઓ આવે રે કઇ પેરે જોગ આરાધશો, કામ બાણુ ચલાવે રે, શંકર ૬, શંકર કહે ઉમિયા શુણો રે, આવે કામ કેરી નાર રે; તપ કરતાં તે ચુકું નહિ, સત્ય માનજો વિચાર રે, શંકર, ૭, ઉમીયાજી કહે શિવ સાંભળો રે, કેમ જાય દિન રાત રે; ખટમાશ પ્રાણ વહી જશે, મારૂ માનો જગતાત રે, શંકર, ૮, શંકર કહે ઉમિયા સુણો, વચન એહી ઉલ્લાસ રે; વહેલા વળીને ઘેર આવશું, કંઇ થશો ન ઉદાસ રે, શંકર૯ આજ્ઞા લઇનેં શિવ સંચર્યારે, ગયા ગંગાને તીર રે; ધ્યાન ધર્યું પરિબ્રહ્મનું, મન રાખ્યુ છે સ્થિર રે શંકર. ૧૦ તપ કરતાં મહાદેવને રે, વિતી ગયા ખટ માસ રે; ઉમિયાએ મનમાં વિચાર્યું, કેમ નાવ્યા પ્રાણનાથ રે, શંકર. ૧૧. કેળ પત્ર સતીના પ્રરેણાં રે, ઓઢણુ કેળ પત્ર સાર રે, નાકે તે નવસર શોભિતા, ગળે ગુંજાનો હાર રે; શંકર. ૧૨. આડ લલાટે શોભતી રે, આંખ આણિયાળ રે; બાહે બાજુબંધ બેરખા, ચાલ્યાં સતી વનવાસ રે. શંકર ૧૩. ગજગતિ ચાલે ચાલતાં રે, ગયાં ગંગાને તીર રે, જ્યાંરે બેઠા મહાદેવજી, દેખ્યા ઉમિયાયે ધીર રે. શંકર. ૧૪. રાગ મલ્હાર આલાપીઓ રે, કેવા વિજીયાના ખેલ રે, ગગન ઘટા થાય વીજળી, મોર બોલે રસ રેલ રે

શંકર ૧૫. મકરધ્વજ થયા વેગળા રે, શિવે સાંધ્યાં છે બાણુ રે, તપ થકી શિવજી ઉઠિયા, ગયા અપ્સરાની પાસ રે. શંકર ૧૬, કયાથી આવ્યા મૃગા લોચની રે, કહોને ક્યાં તમારે વાસ રે; એવુ. કહીને મહાદેવજી, રાખી ઉત્તરની આશ રે. શંકર ૧૭. વાસ અમારો છે વેગળો રે, અમો ભીલિરાણીનો વાસ રે; પિયુજી ગયા છે તપ કારણે. થયા તેને ખટ માસ રે. શંકર. ૧૮. સાચુ કહોને મુનિશ્વરા રે, ક્યારે આવશે ભર્તાર રે; જોશ જુઓને જોગેસ્રરા, કરી મનમાં નિર્ધાર રે. શંકર ૧૯. શંકર કહે ભિલ્લી સુણો રે, વનવાસીની શી આશ રે; કૃપા કરોનેમૃગ લોચની, તમને રાખુ મુજ પાસ રે. શંકર ૨૦ હસીને ભિલ્લી રાણી બોલિયાં રે, ધન્ય ધન્ય મહાદેવ રે; તમારે ઘેર ગંગા પાર્વતી, તેની કોણ કરે સેવરે. શંકર. ૨૧. પાર્વતીને પીયર વળાવુ, ગંગા દાસી કરી આપું રે; સર્વે તે દેવ ના દેખતાં, પટરાણી કરી થાપુ રે. શંકર. ૨૨. સાખ પૂરાવી સર્વ દેવની રે, ઝલ્યો ભીલી રાણીનો હાથ રે, ઉમિયાએ રૂપ પ્રકાશયું ત્યારે લાજ્યા ગૌરીનાથ રે. શંકર. ૨૩ ઉમિયા કહે સુણો ત્રિપુરારજી. ક્ષમા કરો અપરાધ રે; એવુ કહીને કર ઝાલીઓ, પછે આવ્યા કૈલાશ રે શંકર ૨૪. ગાય શિખે ને સાંભળે રે, તેની શંભુ પુરે, આશ રે: વિજોગ ભાગે નર નારિનો, થાય કૈલાશમાં વાસ રે. શંકર. ૨૫.

શિવ ભજન.

મારે મોઢે મનાવી, રાજી કરવાવી, કલાવી પતાવી, શું પૂછો તમે; કલાવી. (૨) ફૂલ સુંગધી વારા, દીસે બહુ રૂપાળા, તેના ગુંઠેલ હાર, તમોને ચડે; મારે મોઢે મનાવી. લીલાં લીલાં બીલ

માન, ઉપર ચઢે જલાધાર, તેની ઠંડી લહેકી, તમોને ગમે; મારે મોઢે મનાવી. વાહુવા કેવા છો શાણા, દીસો બહુ રૂપાળા, ગુણીયલ ભકતો, તમોને સદાએ નમે; મારે મોઢે મનાવી.

શિવ પદ.

શંકરજી મૈં બાલ તૂમારો, દયા કરો મહારાજ રે, પતિત કે તુમ કરૂણા સાગર, આજ રખો પ્રભુ લાજ રે; ખાના પીના સુખસે સોના, ધામ ધૂમકો રાજ રે, ઈશ દુનિયા મેં પૈદા હો કર, યેહિ કિયા સબ કાજ રે; શંકરજી. અપના અપના કરકર આખર, જન ગમાયા સારા રે; ભજન પૂજનકી બાત નહીં કછું, ગયા જનમકા ફેરા રે; શંકરજી. ચરણ કમલપર શરણ આયા જો, દગા ન દેતે ફેર રે, શ્રવણ સુનિ વહુ બાત બડોંકી, ઘેરી લીયો પ્રભુ દ્વાર રે; શંકરજી. વ્યાઘ્ર ચર્મપર જટા બટાલા, નંદીપર સંવાર રે, આનંદાન્મજ ધૂન લગી હૈ, શિવ શિવ મૂલાધાર રે. શંકરજી.

અથ હરિજન્મ વખતે હરની પધરામણીની લાવણી.

હાથ ચક્ર ત્રિશુલ બિરાજે, અલેક જગાવે તેરિ નગરીમેં, શ્રી કૃષ્ણ કો દર્શણ કરને, આયે શદાશિવ ગોકૂળમેં. ૧. જટા મુકુટપર ગંગ બિરાજે, ચંદ્રમા શિર ઉપર રે, ગલે રૂંઢકી માલ બિરાજે, સ્વરૂપ લિયા કોઇ અધિકારી. ૨ શેષ નાગ ગલ લિયા લપેટી, આલમ ભકિત હુરી ફુરી, કોણ મુલકસેં આયા જોગી, દેખ્યાજી ગોકુળ ફિરી, ૩. આપે બ્રહ્મા આપે વિષ્ણું, આપે હર નર અધિકાની, ઉનકી લીલા ઓહી જાને, ઉનકા અંતર હુય પ્યારે. ૪. ગલી ગલીમેં અલક જગાવે અયસા ભોલા શંકર રે, બડે રસ્તેસેં અલક જગાવત આયે નંદકે મહોલોમેં. ૫. માતા જસોદા બેઠી મહેલમેં,

અવાજ ઉતરા કાનૂમેં, બહાર નિકલ કર આઇ જસોદા, ખડી રહી દરવાજૂમેં. ૬. જોગેશ્વરકા સ્વરૂપ દેખ કર, વિચાર કરતી હય દિલમેં, થાલી ભર કર કંચન લાઇ, લ્યો બાવાજી તુમ ઝોલીમેં. ૭. મહાદેવ કહે હમ નહિ લેતે, લેજાઓ માઇ અપને ઘરમેં, ચાર ખુટકા સોના રૂપા, જો ચહિયે સો મેરી ઝોલીમેં. ૮. હીરા મોતી પાટ પિતાંબર, જો ચહિયે સો હય ઘરમેં, તેરા બાલકકી સુરત દેખને, આએ સદાશિવ ગોકુલમેં. ૯. કહેત જસોદા સુનો બાવાજી, યહી બાત નહી હોનેકી, મેરા બાલક કલકા જન્મ્યા, ખબર નહિ ઉનકા તનકી. ૧૦. સ્વરૂપ તુમેરા કાલો પીલો, સૂરત જૈસી બાગનકી, મેરા બાળક ડર જાયેગા, નજર લગે કોઈ સખિ-યનકી. ૧૨. મેરા બાલક કલકા જન્મ્યા, ઘરમેંસે નહિ લાવું મે., હઠ કર જોગી ખડા રહ્યા, જબ બેઠ ગયા દરવાજામેં. ૧૩. કહે બાવાજી સુનો જસોદા તેરા બાળક નહિ ડરનેકા, તિન લોકકું યેહિ ડરાવે, દાતા હે ઓ ત્રિભુવનકા. ૧૪. અએસા બાળક તેને જન્મ્યા, કામ સુધાર્યાં ભકતનકા, સુરનર મુનિવર નારદ સારદ સમરન સબ કરતા ઉનકા. ચાર ખુટ નવ ખડ પૃથ્વીમે. રાજ હુવ તુજ બાલકકા, ઘેલિ જસોદા ભુલિ ફિરત હય, યહિ બાળક નહિ ડરનેકા. ૧૬. આપ દીલમેં સમજિ જસોદા, લે આ ' શ્રી કૃષ્ણનકુ ચારુ ચતુભુજ પાવ પીતાંબર, શીશ મુકુટ શોહે ઉનકું. ૧૭. હું દોનુકી નજરા નજરી, શીશ નમાયા શંકર કું દીલમેં હસ કર કહત સદાશિવ, જન્મ લિયા ગવલન ઘરકું. ૧૮,

સમાપ્ત.